# માત્ર સંસ્કૃતિને જાણવા માટે જ નહીં પણ જીવનની તાલીમ મળે એ માટે પણ આવાં વ્રતો જરૂરી ...!

જીવન સરગમ

બિન્દુબેન કચરા

સન્નારીઓ, ચાતુર્માસના શુભારંભ સાથે આવતા સપ્તાહથી વિવિધ વ્રત-જપ-તપનો આરંભ થશે. આપણી ગુજરાતી છોકરીઓનો લોકપ્રિય તહેવાર અલૂણાં અને જયા-પાર્વતી વ્રત. કુંવારી કન્યાઓનાં અધૂરાં અરમાનો તેમ જ તેમના ભવિષ્યની મંગળ કામનાથી કરવામાં



આવતાં અલૂણાં અને ગૌરીવ્રત વાજતે-ગાજતે આવી પહોંચ્યાં છે. નાની બાળાઓ હરખથી ઘેલી બની અલૂણાં કરતી હોય છે, જ્યારે યુવતીઓ પોતાના સપનાના રાજકુમારને પામવા વ્રત કરવાની સમજ કેળવી ચૂકી હોય છે.

ભારતીય સંસ્કૃતિનો વારસો છે તહેવારોની ઉજવણી. વરસાદની સાથે જ અષાઢ મહિનામાં શરૂ થઈ જાય છે. સૌથી પહેલો તહેવાર અલૂણાં. આ વ્રત છે બહુ નાનકડું પણ જીવનની જડીબુટ્ટી સમાન છે. પંડિત દેવવ્રત કશ્યપના જણાવ્યા અનુસાર જીવનનું પ્રકૃતિ સાથેનું મિલન એ જ ગૌરીવ્રત-અલૂણાં વ્રત. આ વ્રત આપણા ખેતીપ્રધાન દેશમાં પ્રકૃતિ સાથે એકાકાર થવા માટે કરાય છે. જેમાં સાત વિવિધ પ્રકારનાં ધાન્યનાં બી ઘરે ટોપલીમાં માટી ભરી વાવવામાં આવે છે. આ ધાન્યના દાણા એટલે પુરુષ સ્વરૂપ અને માટી (પ્રકૃતિ) એટલે સ્ત્રીનું સ્વરૂપ મનાય છે. આ વ્રત દ્વારા સ્ત્રીને પ્રકૃતિપ્રેમનો વારસો આપવામાં આવે છે. જવારા ઉગાડી તેની પૂજા થાય છે.

સારો ભાવિ પતિ મેળવવાની આશાએ બાલિકાઓ અને યુવતીઓ પાંચ દિવસ એક ટાઈમ મીઠા વગરનું ભોજન કરે છે. અલૂણાં અને જયા-પાર્વતી વ્રત ધર્મની પરંપરા માટે તો કરાય જ છે. પણ ઘણી બાલિકાઓનો આ વ્રત કરવા પાછળનો આશય હવે બદલાયો છે. હવે ફક્ત સારો અને સંસ્કારી ભાવિ પતિ મેળવવા માટે જ વ્રત યુવતીઓ નથી કરતી. આજની મોડર્ન યુવતીઓને પોતાનો ડ્રીમબોય તો મેળવવો જ છે પણ સાથે સાથે આ વ્રત તેઓ જરૂર ફન માટે પણ કરે છે. કોઈને ફીગર મેન્ટેન રાખવું છે તો કોઈને પાંચ દિવસ મળતી સરભરાનો ફાયદો ઉઠાવવો છે. તો વળી કોઈને બોયફ્રેન્ડને રીઝવવો છે. બધું જ મોડર્ન સ્ટાઈલમાં - મંદિર જવું છે પણ જાણે ફેશન પરેડમાં જતાં હોય તેમ મીની વસ્ત્રો પહેરીને, હાથમાં મહેંદી પણ રચવી છે. લંચબોક્સમાં ડ્રાયફ્રૂટ્સ લઈ જઈને બોયફ્રેન્ડસને ધરી તેની કંપનીની વધુ ચાહત મેળવવી છે. ઉપવાસ છે, વ્રત છે એમ બહાનાં કાઢી લેક્ચર બંક કરીને મુવી જોવા ઊપડવું છે. આ બધો ભલે તેઓનો વેસ્ટર્ન લુક છે પણ ઘણી વાર તેના વિચારોમાં ઓરિજીનલ કલ્ચર ક્યાંક ક્યાંક નજરે ચડે છે. ગમે તેમ પણ વ્રત તો કરવાં જ છે અને સવારે વહેલા ઊઠીને પૂજા પણ કરવી છે. કારણ તેમને તો જોઈએ છે પોતાનો સપનાનો રાજકુમાર...!

મારી સખીની દીકરી પ્રિષા ખાવાની બહુ શોખીન. વ્રત કરવું એને ગમે છે. તે આગલી રાત્રે જ પાણીપૂરી, ચાઈનીઝ વગેરે વાનગીઓ લારી પર ધરાઈને ખાઈ લે છે. મેં પૂછ્યું - ‘‘તારાથી ભૂખે રહેવાતું નથી તો પછી વ્રત શું કામ કરે છે?’’ તો તે બોલી - ‘‘હું આ વ્રત કોઈ શ્રદ્ધાથી કે માન્યતાથી નથી કરતી પણ આ પાંચ દિવસ દરમિયાન બધી સખીઓ સાથે ફરવાની તથા જાગરણમાં ધીંગામસ્તી કરવાની ખૂબ મજા આવે છે.’’

મારી પાડોશમાં રહેતી તન્વી મમ્મીના કહેવાથી જબરદસ્તીથી વ્રત રાખે છે તો બીજી એની ફ્રેન્ડ, ફ્રેન્ડને કંપની આપવા વ્રત રાખે છે.



તો વળી કોલેજમાં અભ્યાસ કરતી પાહીને પૂછ્યું તો એ વ્રત એટલા માટે રાખે છે કે તેને મોડલિંગનો ખૂબ શોખ છે. એ કોઈ માન્યતાથી નહીં પણ પોતાનું ફીગર સાચવવા આ વ્રત કરે છે અને સાથે સાથે આ દિવસોમાં ફ્રેન્ડ્સ જોડે ફરવા જવાની ઘરમાંથી કોઈ ના પાડતું નથી એટલે વ્રતનું વ્રત અને સાથે ફરવાની પણ મજા. જ્યારે ક્રિનાને પૂછ્યું તો કહે છે - ‘‘વ્રત કરું છું પણ એનો મતલબ એ નથી કે મને સારો વર જોઈએ છે. નસીબમાં જે હશે તે તો મળવાનું જ છે. શું સારો વર મળે એટલે સ્ત્રીનું જીવન સફળ અને સાર્થક થઈ જાય એવું કોણે કહ્યું?’’

જ્યારે કોલેજમાં ભણતી યાશીને પૂછ્યું તો કહેવા લાગી કે ‘‘એક ખૂણામાં ધરબાયેલી ઈચ્છાઓ મા ગૌરી સમક્ષ ધરી નવાં નવાં કપડાં પહેરીને કોઈ કુંવરી જેવા માનપાન સાથે મટક મટક મ્હાલવાનો અવસર એટલે ‘ગૌરીવ્રત.’ મહેંદી મુકાવાની, પૂજાપાની ખરીદી માટે જવાનું, સાંજે સરસ તૈયાર થઈને બગીચામાં મસ્તી કરવાની અને સવારે વહેલા ઊઠીને સરસ મજાના શણગાર સજીને શિવજીની પૂજા કરવા મંદિર જવાનું. આ બધું બહુ ગમે છે તેથી આ પર્વની રાહ જોઈને બેઠી હોય છે.

આ બધી વાત થઈ મોટી બાળાઓની જે વ્રત રાખે છે પણ આપણી નાની ઢીંગલીઓ પણ ‘અલૂણાં’ કરી ગોરમાને રીઝવે છે. ‘ગોરમાનો વર કેસરિયો... ગાતી સુંદર ચણિયા - ચોળી પહેરી લટક-મટક ચાલતી જાણે વરસાદી માહોલમાં રંગબેરંગી પતંગિયાં અહીંતહીં ઊડતાં હોય તેમ મહેંદી રંગેલાં હાથ અને દરરોજ નવાં નવાં વસ્ત્રો પહેરી પૂજાપાની શણગારેલી થાળી હાથમાં લઈ મંદિર દોડતી પરીઓનાં મુખ પર અલૂણાં કર્યાનો અનેરો ઉત્સાહ ડોકાય છે. આમ તો આ નાનકડો તહેવાર પણ તેમાંથી કેટલાં બધાં સંસ્કાર મળે. અનશનની ટેવ પડે, પૂજાઅર્ચનાનું મહત્ત્વ સમજાય, સારા વર માટે શિવ-પાર્વતીને પૂજતાં ધાર્મિકતાનું પણ સિંચન થાય, ઉપવાસ રાખવાથી જીભ પરનો સંયમ કેળવાય - અલૂણાં એટલે સંયમનું પર્વ, આ ઈન્દ્રિયો પરનો સંયમ જીવનમાં કેટલો જરૂરી છે ખાવા-પીવામાં સંયમ, બોલવામાં સંયમ. આજે ચારે બાજુ કામાંધ નરપિશાચો વસી રહ્યા છે ત્યારે યુવતીઓને નાનપણથી સંયમના પાઠ શીખવવા એ દરેક મા-બાપની પવિત્ર ફરજ છે. આમ આ વ્રત ધર્મ-વૈજ્ઞાનિક આરોગ્યવર્ધક અને ખેતી અંગેની તાલીમ આપે છે. તદ્ઉપરાંત અલૂણાં નિમિત્તે અનેક મહિલા સંસ્થાઓ તથા શાળામાં કલાત્મક સ્પર્ધાઓ થાય છે, જેમાં તેઓની કળા વિકસે છે. અલૂણાંના છેલ્લા દિવસે જાગરણમાં ગીતો ગવાય - રમતો રમાય અને ગોરમાનાં ગીતો ગવાય - સાથે ખાયણાં ગવાય, ખાયણાં વિના અલૂણાં અધૂરાં કહેવાય. તો ચાલો બાલિકાઓ ખાયણાં ગાઈએ...

* શંકર પૂજીને નિત્ય લાગું પાયે
કોડીલો વર માંગું કે કૃષ્ણ સરીખડો.
* પાર્વતીને પૂજીને ચઢાવું હું ફૂલ
મારા તે બાપનું કુળ કે સૂર્યથી સોહામણું.
* દુંદાળો દુઃખભંજનો ગણપતિ દેવ
કરું નિત્ય તારી સેવા કે પામું રિદ્ધિસિદ્ધને.
* ખાયણાં ગાવું ને હિંચકે રે ઝૂલું
રમત સઘળી ભૂલું કે રૂડાં ખાયણાં.

તો બાલિકાઓ... યુવતીઓ... સન્નારીઓ...

અગર આજની સ્ત્રીઓને ભગવાનનું વ્રત કરીને કશુંક માંગવાનું હોય તો શું માંગે? ફક્ત સારો પતિ? ના-ના, એમની યાદી લાંબી છે. સારો વર કદાચ અગ્રસ્થાને નહીં પણ આવે. સ્વતંત્ર વ્યક્તિત્વ, સ્વમાનભર્યું જીવન, સારું શિક્ષણ અને આત્મનિર્ભરતા, સ્લીમ અને ડ્રીમફીગર , મનગમતું કામ કરવાની તક અને જીવનમાં નામ-દામ મેળવવાની શક્તિ. ટૂંકમાં આત્મસન્માન અને આત્મસંતોષભર્યું એક એવું જીવન કે જેમાં સ્ત્રી હોવાની પીડા અને સંઘર્ષ નહીં પરંતુ સ્ત્રીત્વના આનંદનો ઉત્સવ હોય. આપણાં 80 કરોડ દેવી-દેવતાઓ સ્ત્રીઓને આવું જીવન આપવા માટે સમર્થ છે ખરા?

બસ, તો સૌને અલૂણાં પર્વની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

આનંદો...! મોજ-મસ્તી અને ધમાકેદાર!

## સુવર્ણરજ

ગોરમા આવ્યા ફરી,
નાના નાના હાથ છે એમાં નાની નાની છાબો
હાથમાં મૂકી મહેંદી એની ઝીણી ઝીણી ભાતો-
આજ ઓવારણાં લેને માડી કોઈની નજર ઠરી-
ચણિયા-ચોળી પહેરી ગોરમા હું તો બની પરી...
ગોરમા... ગોરમા...!

– યામિની વ્યાસ